ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૦.૦ ડીગ્રી
લઘુતમ : ૯.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૩૧ ટકા

**ગાંધીનગર તાપમાન**

# એકટીવા વેચી દીધા પછી ચોરીની ખોટી ફરિયાદ નોંધાવી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર એલસીબીની ટીમને બાતમી મળી હતી કે સેક્ટર-૨૮ ગાર્ડન પાસે ચોરીના એક્ટીવા સાથે બે શખ્સો ઉભા છે જે આધારે બંનેને પકડી પુછતાછ કરતા ત્રણ સ્થળેથી વેચાતુ વેચાતુ તેમની પાસે આવ્યુ હોવાનું બહાર આવ્યુ હતુ. એક પછી એક તમામનુ ઈન્ટ્રોગેશન

**ગાંધીનગર એલસીબીએ સોલામાં નોંધાયેલી ખોટી ફરીયાદનો પર્દાફાશ કર્યો**

કરતા બહાર આવ્યુ છે કે જે વ્યક્તિનું એક્ટીવા હતુ તેણે રૂપિયાની જરૂર હતી એટલે મિત્ર પાસેથી ઉધાર રૂપિયા લીધા હતા જેમાં પોતાનું એક્ટીવા પણ લખાણ કરીને આપી દીધુ હતુ. બે વર્ષ પછી તે જ શખ્સે આ એક્ટીવા ચોરી થઈ ગયુ હોવાની ખોટી ફરીયાદ સોલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી. એલસીબીએ એક્ટીવા રીકવર કરી તપાસ શરૂ કરી છે.

મળતી વિગતો મુજબ એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના હે.કો. જયવિરસિંહ અને પો.કો. દિગ્વીજયસિંહે ચોક્કસ બાતમીને આધારે સે. ૨૮ ગાર્ડન પાસેથી ચોરીના એક્ટીવા સાથે બે શખ્સોને પકડ્યા હતા. સુઘડ અગોરા મોલ પાસે પાર્શ્વનાથ એટલાન્ટીકમાં રહેતા વિજયસિંહ દિપસિંહ ચાવડા અને પેથાપુર કિર્તિરાજ સોસાયટીમાં રહેતા રાજેન્દ્રસિંહ અર્જુનસિંહ ચાવડાને પકડી પુછપરછ કરતા બહાર આવ્યુ કે તેમણે સે. ૧૩માં રહેતા તેમના મિત્ર ચિરાગ છાયા પાસેથી આ એક્ટીવા ચલાવવા લીધુ હતુ. ચિરાગ છાયાને બોલાવી પુછતાછ કરતાં તેણે આ એક્ટીવા ચિરાગ પટેલને આપ્યુ હોવાનું જણાવ્યું હતું. ચિરાગ પટેલને વસ્ત્રાપુર ખાતે રહેતા તેના મિત્ર પુંડરીકાક્ષ રાવલે આપ્યુ હતુ. પુંડરીકાક્ષને બોલાવી પુછપરછ કરતા તેણે પોતાના મિત્ર કલ્પેશ દલસુખ પટેલને પૈસાની જરૂર હોવાથી વર્ષ ૨૦૧૫માં રૂ. ૫.૫૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. ૫ લાખનો ચેક અને વળતર પેટે ૫૦ હજારનું એક્ટીવા રૂ. ૧૦૦ના સ્ટેમ્પ પર લખાણ કરીને આપ્યુ હતુ. ત્યારબાદ બે વર્ષ પછી આ એક્ટીવા ચોરી થઈ ગઈ હોવાની સોલામાં ફરીયાદ આપી દીધી હતી. એલસીબીની ટીમે આ એક્ટીવા રીકવર કરી ખોટી ફરીયાદનો પર્દાફાશ કરી વધુ તપાસ આરંભી છે.




# ચિલોડા રોડ પર મારૂતીનંદન હોટલ સામે મહિલાની મગમાળાની તફડંચી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર ચિલોડા રોડ પર આવેલી મારૂતીનંદન હોટલ સામેથી લેંકાવાડા ગામની મહિલા સ્ટેશનમાં ફરીયાદ આપતા પોલીસે ગુનો દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે.

લેકાવાડા ગામમાં રહેતી લીધી હતી. બાઈક પર આવેલા એક શખ્સે સપનાબેનની નજીક જઈ ગળામાં હાથ મારીને તેણીએ પહેરેલી અઢી તોલા વજનની સોનાની

**બાઈક પર આવેલો શખ્સ મહિલાના ગળામાંથી સોનાની અઢી તોલાની મગમાળા ખેંચીને ભાગી ગયો**

જઈ રહી હતી ત્યારે બાઈક પર આવેલા શખ્સે આ મહિલાને ટાર્ગેટ બનાવીને ગળામાંથી સોનાની અઢી તોલા વજનની મગમાળા ખેંચી લઈ બાઈક પર ઉઠાવગીર રફુચક્કર થઈ ગયો હતો. ૨૫ જાન્યુઆરીએ બનેલી આ ઘટના મામલે આજે મહિલાએ ચિલોડા પોલીસ મહિલા સપનાબેન વિરેન્દ્રસિંહ દિલીપસિંહ વાઘેલા ૨૫ જાન્યુઆરીએ લેકાવાડા પાટીયા નજીક ગાંધીનગર ચિલોડા રોડ ઉપર મારૂતિનંદન હોટલ સામેથી પસાર થઈ રહી હતી તે દરમ્યાન બપોરે ૧૨ થી ૧ના સમયગાળામાં તેમને એક ચેઈન સ્નેચરે ટાર્ગેટ બનાવી મગમાળા આંચકી લઈ રૂ. ૫૦ હજારની કિંમતની મગમાળા સાથે બાઈક પર તે શખ્સ ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે આજે સપનાબેને ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપતા પીએસઆઈ આર.ડી. ડામાએ ગુનો નોંધી ગુનાની વધુ તપાસ શરૂ કરી છે.

# સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા ગણતંત્ર દિવસની ઉજવણી : વિવિધ સ્પર્ધાઓનું આયોજન

ગાંધીનગર, તા. ૨૮

સેક્ટર-૭-એ વસાહત મંડળ દ્વારા પ્રજાસત્તાક દિવસની ઉજવણીના ભાગરૂપે વિવિધ રમતોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. રમતોને અંતે વિજેતાઓને ઈનામ વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

રમતોત્સવમાં દોડ, લીંબુ ચમચી, સંગીત ખુરશી જેવી રમતોનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આ ઉપરાંત, વક્તૃત્વ સ્પર્ધા, જનરલ નોલેજ ટેસ્ટ, ચિત્રકામ હરિફાઈ તથા હાઉસીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ રમતોમાં બાળકોએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રમતોને અંતે લગભગ ૭૫-૮૦ જેટલા વિજેતાઓને મહેમાનો તેમજ સિનિયર સીટીઝન દ્વારા રોકડમાં ઈનામો આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ ભરત પટેલ, નાગરિક બેન્કના પૂર્વ ચેરમેન અશોક પટેલ, પૂર્વ કોર્પોરેટર એન.કે. વર્ષાત, ઠાકોર સમાજના એમ.ડી. જશવંત ગાંધી, સુધા પટેલ, ભરત કોન્ટ્રાક્ટર, નામાકિંત ડોક્ટર્સ, એન્જીનિયર્સ, સચીવ વગેરે મહાનુભાવોએ ઉપસ્થિત રહીને પ્રાસંસિંગ પ્રવચનથી લોકોને પ્રોત્સાહિત કર્યા હતા.

**‘બેટી બચાવો-બેટી પઢાઓ’ અંતર્ગત ચેરિટીથોન - વોક એન્ડ રનમાં**

# એક હજારથી વધુ દિકરીઓએ દોડ લગાવી

**મહિલા શિક્ષણ જાગૃતિ હેતુસર આપણું ફાઉન્ડેશન દ્વારા અનોખો કાર્યક્રમ યોજાયો : બાળાઓને સેલ્ફ ડિફેન્સની તાલીમ અપાઈ : ચેરિટીથોનના સમાપને ગરબા-ડાન્સ-ઝુમ્બા-એરોબિક્સની મોજ કરાવાઈ**






ગાંધીનગર, તા. ૨૮

‘બેટી બચાવો-બેટી પઢાઓ’ અંતર્ગત ગાંધીનગરના આપણું ફાઉન્ડેશન દ્વારા આયોજિત અનોખી ચેરિટીથૉન - વોક એન્ડ રનમાં શહેરની બાળાઓએ તથા મહિલાઓએ ઉમળકાભેર ભાગ લીધો હતો. શહેરની મધ્યમાં ઘ-૪ સર્કલે વહેલી સવારે ગુજરાતમાં પ્રથમવાર યોજાયેલ આ ચેરિટીથૉનને શહેરના ડેપ્યુટિ મેયર દેવેન્દ્રસિંહ ચાવડા તથા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પૂર્વ શિક્ષિકા અને માસ્ટર્સ એથ્લેટિક્સના રાષ્ટ્રીય કક્ષાના ખેલાડી ઈન્દુબેન નિમાવતે લીલી ઝંડી દેખાડી પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે સુરક્ષાસેતુ સોસાયટીના ગાંધીનગર જિલ્લા ડાયરેક્ટર પીઆઈ પી.સી. વાલેરા ઉપસ્થિત રહ્યાં હતા. સરકારી શાળાની બાળાઓને સંસ્થા દ્વારા ટ્રેકશુટની આખી કીટ ભેટ અપાઈ હતી.

ચેરિટીથૉનમાં ગાંધીનગરની ૩૨ સરકારી પ્રાથમિક શાળાઓની ધોરણ ૫ થી ૭માં અભ્યાસ કરતી એક હજાર જેટલી પસંદ કરાયેલ બાળાઓ ઉપરાંત ૨૫૦ થી વધુ અન્ય મહિલાઓ પણ જોડાઈ હતી. ઘ-૪ સર્કલથી પ્રારંભ થયેલ ચેરિટીથૉન મહાત્મા મંદિર થઈ બીજી તરફના માર્ગેથી ચ-રોડ વિધાનસભા સામેથી ફરી ઘ-૪ સર્કલે પરત ફરી હતી. ચેરિટીથૉનના સમાપને તમામ બાળાઓ-મહિલાઓને સુરક્ષા સેતુ સોસાયટી દ્વારા સેલ્ફ ડિફેન્સની તાલીમ અપાઈ હતી. આ સાથે તમામને ગરબા, ડાન્સ, ઝુમ્બા, એરોબિક્સ વગેરેનો આનંદ પણ કરાવાયો હતો. આ પ્રસંગે ટેક-વોન-ડોમાં બ્લેકબેલ્ટ પ્રાપ્ત ૪ બાળકોને ગોલ્ડમેડલ્સ અર્પણ કરાયા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે આપણુ ફાઉન્ડેશન દ્વારા આ કાર્યક્રમ મહિલા શિક્ષણ પ્રત્યે જાગૃતિના હેતુસર યોજવામાં આવ્યો હતો.




શાળાજીવનના પ્રથમ પગથિયાં જેવી પ્રિ-પ્રાયમરી સ્કૂલમાં અવનવી ચીજવસ્તુઓ જોતાં-સમજતાં શીખેલા ભુલકાંઓ કોઈ ગીતના તાલે ડાન્સ કરે ત્યારે તે દશ્ય આંખ માટે ઉત્સવ બની જાય... ગાંધીનગરની જાણીતી પ્રિ-પ્રાયમરી સ્કૂલ ‘સ્માર્ટ કીડ્સ’ના વાર્ષિતોક્સવમાં ભુલકાંઓએ એવી સુંદર કૃતિઓ રજુ કરી કે વાલીઓ અને આમંત્રિતો રોમાંચિત બની ગયા.

# જલારામ મંદિરમાં ગ્રહણના દિવસે દર્શનના સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૨૮

શ્રી જલારામ ધામ સેકટર-૨૯ ખાતે આગામી તા. ૩૧ જાન્યુઆરીને બુધવારના રોજ ચંદ્રગ્રહણ હોવાથી સાંજે ૪.૩૦ કલાક પછી મંદિરમાં દર્શન બંધ રહેશે. જેની સર્વે ભકતોએ નોંધ લેવા સંસ્થાના પ્રમુખ જીતેન્દ્ર સેજાણીએ જણાવ્યું છે.

# વહેલી સવારે ચ-રોડ ઉપર ગાડી લઈને લૂંટ કરવા ફરતી ટોળકી સક્રીય

**લાલ રંગની અલ્ટો જેવી ગાડીએ એક અઠવાડીયામાં ચ-૫ થી ચ-૩ વચ્ચે બે ને લૂંટવાનો પ્રયત્ન કર્યો**

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર પોલીસ માટે વધુ એક પડકાર સામે આવ્યો છે. ટાયર ચોરતી ગેંગ તો સક્રીય થઈ જ છે પરંતુ હવે વહેલી સવારે ગાડી લઈને ચ-રોડ ઉપર એકલ દોકલ વોકીંગમાં નીકળતા વ્યક્તિને ટાર્ગેટ કરી લૂંટ કરવા ફરતી ગેંગ પણ સક્રીય થઈ ગઈ છે. ચ-૩ થી ચ-૫ વચ્ચે ફરતી આ ગેંગ લાલ રંગની અલ્ટો જેવી ગાડીમાં ફરે છે અને એક અઠવાડીયામાં બે વ્યક્તિઓને લૂંટવાની કોશીષ કરી છે. આ બે ઘટના પૈકી એક બનાવ અંગે સેક્ટર-૭ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવા પામી છે.

મળતી માહિતી મુજબ શહેરના સેક્ટર-૨૦ બ્લોક નં. ૭૦/૧૪ ખાતે રહેતા માનસિંગ સુલતાનસિંગ રાઠોડ સેક્ટર-૩-ન્યુ શોપીંગમાં ન્યુ જનતા ડેરી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગઈકાલે વહેલી સવારે પોણા ચાર વાગ્યે પોતાના ઘરેથી બાઈક લઈને ચ-રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે અંધારામાં લાલ રંગની અલ્ટો જેવી ગાડી લઈને આવેલા ચાર શખ્સોએ તેમની બાઈક સે. ૧૧ પેટ્રોલ પંપ સામે ચ-રોડ પર આંતરી ધોકા મારીને લૂંટી લેવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે કાંઈ મળી આવ્યુ ન હતુ. આવી જ ઘટના પાંચેક દિવસ પહેલા એક મિનિસ્ટરની ઓફીસમાં કામ કરતા કર્મચારી સાથે આ જ રોડ ઉપર વિધાનસભા સામે બનવા પામી હતી. આ કર્મચારી મોર્નિંગ વોક પર નિકળ્યા હતા ત્યારે પાંચેક વાગ્યે આવી જ લાલ ગાડીમાં આવેલા શખ્સોએ છરી બતાવી લુંટવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે મોર્નિંગ વોકમાં નિકળ્યા હોવાથી પર્સ પણ તેમની પાસે ન હતુ કે તેમણે સોના-ચાંદીના ઘરેણા પણ પહેર્યા ન હતા. ત્યાં ધક્કો મારીને ગેંગ ફરાર થઈ ગઈ હતી. આ બંને ઘટનામાં માનસિંગે ફરિયાદ આપતા સે. ૭ પોલીસે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# સ્વચ્છ ભારત અભિયાન સંકલ્પ સાથે ગણતંત્ર દિને ઘર આંગણે ધ્વજવંદન

ગાંધીનગર, તા. ૨૮

‘સ્વચ્છ ભારત અભિયાન’ના ગાંધીનગર શહેરના



બ્રાન્ડ એમ્બેસેડર અને ફિલ્મ અભિનેતા જનક ઠક્કરના હસ્તે ગણતાંત્ર દિને એક અનોખુ ધ્વજવંદન યોજાયુ. ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાતના ઘર આંગણે ૬૯મા પ્રજાસત્તાક દિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. આપણુ ઘર-આંગણુ-સોસાયટી-જાહેર સંપત્તિ-કાર્યાલય વગેરે જગ્યાએ માત્ર આપણને જ સ્વચ્છતા રાખવાની સાથે અન્યને પણ એમ કરવા પ્રોત્સાહીત કરવા જેવી દેશભક્તિ સભર વાતો ત્યાં ઉપસ્થિત જનક ઠક્કર અને સંજય થોરાત સહીત સૌએ કરી હતી. ઘર આંગણે યોજાતા આ ધ્વજવંદન કાર્યક્રમમાં અશ્વીન ત્રિવેદી, કિશોર જીકાદરા, રમણ વાઘેલા, પંકજ ગાંધી, શિવશંકર દવે, બુલેટ રાઈડર્સ ગૃપ, મારૂ ગાંધીનગર ગૃપ, સુધાબેન પટેલ વગેરે જોડાયા હતા. દેશભક્તિના ગીતો, કવિતા, વાર્તા સાથે સૌએ આપણાં શહેરને સ્વચ્છ રાખવાનો સંકલ્પ લીધો હતો. આ ધ્વજવંદનના આંગણે ગાંધીજી અને ચશ્માની ફ્રેમ સાથે સ્વચ્છતા મિશનના લોગોની રંગોળીએ સૌને આકર્ષ્યા હતા.

# જો સેવા કરવી હોય તો અમુક દિવસ માટે નહી, દરરોજ કરો

**છેલ્લાં ૧૮ વર્ષથી દરરોજ કૂતરાં અને ગાય જેવા પ્રાણીઓની નિશ્વાર્થ સેવા કરતી ગાંધીનગરની ભૂમિકા પટેલ : ખાનગી કંપનીમાં સીઈઓ હોવા છતાં ભૂમિકાએ ગર્ભાવસ્થા દરમ્યાન પણ અબોલ પ્રાણીઓની સેવા-સારવાર છોડી નહોતી**




ગાંધીનગર, તા. ૨૮

તાજેતરમાં જ મકરસંક્રાંતિનો તહેવાર ગયો. આ તહેવારે શહેરમાં પુણ્ય કમાવવાની લ્હાયમાં ગાયને ઘાસચારો અને કૂતરાંને લાડુ ખવડાવવાની જાણે હોડ જામી હતી. માત્ર બે-ચાર દિવસ માટે ઉભરી આવતી આ ‘સીઝનલ’ જીવદયાની સામે ગાંધીનગરમાં સેક્ટર-૨૬માં કિસાનનગર ખાતે એક યુવતિ એવી રહે છે જેનો છેલ્લાં ૧૮ વર્ષથી દરરોજ કોઈપણ સીઝનમાં પરોઢિયે કૂતરાંઓને ડૉગફુડ ખર્વાવવાનો નિત્યક્રમ છે. માત્ર કૂતરાંને ખવડાવવુ એટલુ જ નહી પરંતુ બિમાર કે અકસ્માતથી ઘાયલ ગાય-કૂતરાંની સેવા કરી સારવાર અપાવી સાજા કરવાનું કામ તેની ઓળખ બની ગયું છે. પોતે વ્યવસાયે જવેલરી-ફેશન ડિઝાઈનર હોવા સાથે ખાનગી કંપનીમાં સીઈઓનો હોદ્દો ધરાવતી હોવા છતાં અબોલ પ્રાણીઓની સેવા કરવા દરરોજ સમય કાઢી જ લે છે.

રસ્તે રઝળતા બિમાર કે ઘાયલ ઢોર-કૂતરાં કે બિલાડાં દેખાય એટલે તુરંત જ તેની સેવામાં લાગી જતી ૨૭ વર્ષીય ભૂમિકા પટેલ મૂળ સાબરકાંઠાના જાંબુડી ગામના પટેલ પરિવારની દિકરી છે. જેના નાનાજીને તલોદ પાસેના ઘડી ગામે મોટો તબેલો છે. જેમાં ગાયો-ભેંસો ઉપરાંત કૂતરાં અને સસલાં જેવા પ્રાણીઓ પણ રહે છે. વેકેશનમાં નાનાજીના તબેલા પર જતી ભૂમિકાને





નાનપણથી જ પ્રાણીઓ પ્રત્યે લાગણીનો સંબંધ બંધાઈ ગયો હતો. અમદાવાદમાં જન્મેલી અને ગાંધીનગરમાં ઉછરેલી ભૂમિકાના પિતા વી.આર. પટેલ પોલીસ ઈન્સ્પેક્ટર માતા ઉર્મિલાબેન ગૃહિણી હોવા સાથે તેમને પરિવારમાં બે દિકરી અને એક દિકરો છે. જેમાં શરૂઆતથી જ ભૂમિકાને તેના આ જીવદયાના કાર્યમાં મદદરૂપ થતા રહ્યાં છે. ગાંધીનગરમાં શરૂઆતમાં સેક્ટર-૨૩માં વસવાટ દરમ્યાન પોતાની જ જ્ઞાતિના યુવક બ્રિન્દેશ પટેલ સાથે પ્રેમ થતા તેની સાથે લગ્નગ્રંથીથી જોડાઈ પરંતુ ક્યારેય પોતાના કાર્યમાં ઓટ આવવા દીધી નથી. જો કે પતિનો પણ પુરો સહકાર મળી રહેતા ભૂમિકાનું કાર્ય આસાન થઈ ગયું હતું. અત્યાર સુધીમાં પોતાના સેક્ટર સહિત શહેરના અનેક સ્થળોએ ગાય-કૂતરાંની નિશ્વાર્થ સેવા કરી ચુકેલી ભૂમિકાને આ કાર્યમાં ગાંધીનગરના સે. ૭માં રહેતા પશુઓના તબીબ ડૉ. સ્નેહલભાઈનો ખુબ સહકાર પ્રાપ્ત થયો છે. ભૂમિકાને આ કાર્યની એટલી લગની લાગેલી છે કે પોતે જ્યારે ગર્ભવતી હતી અને સાતમો મહિનો ચાલતો હતો ત્યારે પણ કાર લઈને સવારે કૂતરાંઓને ખવડાવવા અચૂક નિકળી પડતી હતી. એટલુ જ નહી આવા સમયે એક ટ્રકની ટક્કરથી ઘાયલ ગાયને બચાવી ભાંગેલા પગવાળી ગાયને હાથેથી પકડીને ખવડાવતી હતી. ગર્ભવતી હોવાને કારણે સાસરિયાંએ થોડો સમય આ કાર્ય અટકાવવા કહ્યું હોવા છતાં બધા સૂતા હોય ત્યારે વહેલી સવારે ચૂપકિદીથી છત્રી લઈને ઘરની બહાર નિકળી જતી હતી કેમકે તેમને ચિંતા સતાવતી હતી કે ‘હું નહી જાઉં તો આ કૂતરાંઓને કોણ ખવડાવશે ?’

ભૂમિકાના સ્કૂટરનું કે કારનું હોન વાગે ને એક સાથે ત્રીસ-પાંત્રિસ કૂતરાં તેની આસપાસ એકઠાં થઈ જાય તેટલો ઘરાબો કેળવી ચુકેલી ભૂમિકાને યુવાવસ્થામાં કિડનીમાં કાણુ હોવાથી પરૂ થઈ જવાથી બે ઓપન સર્જરી, એક એન્ડોસ્કોપી અને એકવાર લેપ્રોસ્કોપી કરાવવા સાથે કિડનીનો ૨૫ ટકા જેટલો ભાગ કાઢી નાંખવો પડ્યો છે. આ વાતની આસપાસના પડોશીઓને જાણ થવા દીધી નહોતી અને તેમની સેવા ત્યાં સુધી ચાલુ રાખી હતી કે જે દિવસે તેમનું ઓપરેશન હતુ તે દિવસે સવારે સેવા કરતા કરતા પડોશીઓને કહેતી ગઈ હતી કે ‘હું દસ-બાર દિવસ બહારગામ ફરવા જાઉ છુ તો તમે આ કૂતરાંઓને તેટલા દિવસ ખવડાવતા રહેજો.’ સાયન્સ ગ્રેજ્યુએશન સાથે મલ્ટિમિડીયા એનિમેશન કરનાર ભૂમિકા પટેલના આ કાર્યથી એકત્રિત થતા કૂતરાંને કારણે પડોશીઓ નારાજ પણ થતાં અને એક દિવસ એક પડોશી તો કૂતરાંને લીધે તેમની દિકરીને કાર ભટકાવી દીધી કહી ભૂમિકા પાસે કાર રિપેરીંગના પૈસા માંગવા સુદ્ધાં આવી ગયા હતા. આમ છતાં પોતાના કાર્યથી નહી

● અનુસંધાન પાન-૭ પર

# સમગ્ર ગુજરાત રોહિત સમાજનો જીવનસાથી પસંદગી મેળો યોજાશે

ગાંધીનગર, તા. ૨૮

ઓમ ચેરિટેબલ ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા સમગ્ર ગુજરાત રોહિત સમાજનો દ્વિતીય જીવનસાથી પસંદગી મેળો તા. ૪થી માર્ચના રોજ યોજાશે.

પસંદગી મેળામાં ભાગ લેવા ઈચ્છતા લગ્નો ઈચ્છુક યુવક યુવતીઓએ ફોર્મ તેમજ જરૂરી માહિતી મેળવી ફોર્મ પરત કરવાના રહેશે. જગદીશભાઈ પ્રિયદર્શી, બ્લોક નં. ૭૬/૫, જ-ટાઈપ, સેક્ટર-૬, ગાંધીનગર મો. નં. ૯૬૦૧૫૧૬૪૨૯નો સંપર્ક કરવા જણાવેલ છે.

## ચિરવિદાય

- સ્વ. હિરાબેન શકરાજી ઠાકોર - ૬૦
- સ્વ. દવે ભાવનાબેન નિલેશકુમાર-૫૪
- તખુબા લક્ષ્મણસિંહ બિહોલા-૯૦
- સ્વ. દિગ્વીજયસિંહ ચંદ્રસિંહ વિહોલ-૨૮
- સ્વ. ઠાકુર અમુજી ગાંડાજી-૮૦